પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૭ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૮, શનિવાર ; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આંધ્રપ્રદેશમાં સાત સફાઈ કર્મીઓના મોત

આંધ્રપ્રદેશના ચિત્તૂર જિલ્લામાં ગટરની સફાઈ કરતી વખતે સાત લોકોના મૃત્યુ નિપજતા ચકચાર મચી જવા પામી છે.

### ચૂંટણી લડતા ઉમેદવારોને આશ્રિતોની સંપત્તિ જાહેર કરવી પડશે

ચૂંટણી સુધારા સંદર્ભે સુપ્રિમકોર્ટે એક ચુકાદો આપતા જણાવ્યું છે કે ચૂંટણી લડતા ઉમેદવારોએ હવે પત્નિ અને આશ્રિતોની સંપત્તિ પણ જાહેર કરવી પડશે.

### અય્યારી ફિલ્મ પર પ્રતિબંધ નહી

સુપ્રિમ કોર્ટે સિદ્ધાર્થ મલ્હોત્રા, મનોજ બાજપાઈ અને રકુલ પ્રિતસિંહની ફિલ્મ અય્યારી પર બેન લગાવવાની અરજી ફગાવી દીધી છે. આદર્શ કો-ઓપરેટીવના સદસ્યો દ્વારા આ અરજી કરાઈ હતી.

### જીતનરામ માંઝીએ જહાનાબાદ સીટ છોડી

બિહાર ઉપ ચુનાવ પહેલા એનડીએ માટે સારા સમાચાર છે. બિહારમાં એનડીએના સાથી પક્ષ હિન્દુસ્તાન અવામ મોર્ચાએ જહાનાબાદ વિધાનસભા સીટ પરની પોતાની દાવેદારી છોડી દીધી છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંગી આ સીટ પરથી ચૂંટણી લડવા ઈચ્છતા હતા.

# કોઈ રાજ્ય નદી પર અધિકાર ન કરી શકે : સુપ્રિમ

**તમિળનાડુને મળતા પાણી ઉપર કાપનો દશકોથી ચાલતા વિવાદમાં સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક આદેશ : બેંગ્લોરની જરૂરિયાતને ધ્યાનમાં લઇ તમિળનાડુની પાણીની હિસ્સેદારી ઘટાડી ૪૧૯ ટીએમસી ફૂટ કરી : કર્ણાટકને ફાયદો : ચુકાદો ૧૫ વર્ષ સુધી અમલી**



નવી દિલ્હી,તા. ૧૬

દશકોથી ચાલી રહેલા જટિલ કાવેરી જળ વિવાદમાં સુપ્રીમ કોર્ટે આજે અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે નદીના પાણી પર કોઈ પણ રાજ્યનો માલિકી અધિકાર નથી. સુપ્રીમ કોર્ટે કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલના ચુકાદા મુજબ તમિળનાડુને મળી રહેલા પાણીમાં કાપ મુકી દેવાની જાહેરાત કરી હતી. સાથે સાથે બેંગલોરની જરૂરિયાતનો ધ્યાનમાં લઈને કર્ણાટકનો મળનાર પાણીના જથ્થામાં ૧૪.૭૫ ટીએમસી ફુટનો વધારો કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે કાવેરીના પાણીના મામલામાં તેનો ચુકાદો આગામી ૧૫ વર્ષ માટે અમલી રહેશે. કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ આ ચુકાદા પર ખુશી વ્યક્ત કરતા કહ્યુ છે કે ચુકાદો સ્વાગતરૂપ છે. સીજેઆઈ દીપક મિશ્રાના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે પોતાના આદેશમાં કહ્યુ છે કે તમિળનાડુને ૪૦૪.૨૫ ટીએમસી ફુટ પાણી આપવામાં ।વે તે જરૂરી છે. કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલે તમિળનાડુને ૪૧૯ ટીએમસી પાણી આપવા માટેનો ચુકાદો આપ્યો હતો. આની સાથે જ સુપ્રીમ કોર્ટે કાવેરી બેસિનના કુલ ૨૦ ટીએમસી ફુટ ભુગર્ભ જળમાંથી ૧૦ ટીએમસી ફુટ વધારાનુ પાણી કાઢવા માટેની પણ મંજુરી આપી છે. સુપ્રીમ કોર્ટે કર્ણાટકને ૨૮૪.૭૫, કેરળને ૩૦, પુડુચેરીને સાત ટીએમસી પાણી આપવા માટેનો આદેશ આપ્યો છે. કેરળ અને પુડુચેરીને મળનાર પાણીના જથ્થામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સીડબલ્યુડીટીએ કર્ણાટકને ૨૭૦ ટીએમસી ફુટ પાણી આપવા માટેનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યુ છે કે બેંગલોરના લોકોએ પીવાના પાણી અને ભૂગર્ભ જળની જરૂરિયાતને ધ્યાનમાં લઈને કર્ણાટકની હિસ્સેદારીમાં વધારો કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ચુકાદાને અમલી કરવાનુ કામ કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# મોદી, ચોક્સીના પાસપોર્ટ સસ્પેન્ડ

**ઇડીની ભલામણના આધારે તાત્કાલિક અસરથીચાર સપ્તાહ પાસપોર્ટ સસ્પેન્ડ : ધરપકડના હેતુસર ઇન્ટરપોલ ડિફ્યુજન નોટિસ**

નવીદિલ્હી,તા. ૧૬

ઈન્ફોસમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ભલામણના આધાર પર વિદેશ મંત્રાલયમાં પાસપોર્ટ જારી કરનાર વિભાગે તાત્કાલિક અસરથી હિરા કારોબારી નીરવ મોદી અને ગીતાંજલિ જેમ્સના સીએમડી મેહુલ ચિનુભાઈ ચૌકસીના પાસપોર્ટ સસ્પેન્ડ કરી દીધા છે. પાસપોર્ટની કાયદેસરતા ચાર સપ્તાહ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ની જુદી જુદી કલમ હેઠળ પાસપોર્ટ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નીરવ મોદી અને ચૌકસને તેમના પાસપોર્ટ પાસપોર્ટ એક્ટની કલમ ૧૦ (૩) (સી) હેઠળ કેમ જપ્ત કરવા જોઈએ નહી તે અંગે કારણ દર્શાવવા એક સપ્તાહની મહેલત આપી છે. નિર્ધારિત એક સપ્તાહની અંદર જવાબ આપવામાં નિષ્ફળ રહેશે તો એમ ગણવામાં આવશે કે તેમને આમાં રસ નથી. જેથી વિદેશ મંત્રાલય તેમના પાસપોર્ટ રિવોક કરવાની દિશામાં આગળ વધી જશે. મહેલ ચૌકસી દ્વારા પ્રમોટ ગીતાંજલિ ગ્રુપ ઓફ કંપનીના છ શહેરોમાં ૨૦થી વધુ સ્થળો પર કૌંભાડના ભાગરૂપે તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્વેલરી રિટેલર ગીતાંજલિ

● અનુસંધાન પાન-૭ પર

# ગીતાંજલિ ગ્રુપ ઓફ કંપની સામે બીજી એફઆઈઆર દાખલ કરાઈ

**બેંક દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધારે નવી એફઆઈઆર : નિરવ મોદી અને ચૌકસીની સામે સીબીઆઇ અને ઇડી દ્વારા જુદી જુદી રીતે ઉંડી તપાસ જારી : દસ્તાવેજોમાં ચકાસણી**

નવી દિલ્હી,તા. ૧૬

સમગ્ર દેશનો હચમચી મુકનાર પીએનબીને આવરી લેતા ફ્રોડના મામલે અનેકજગ્યાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વ્યાપક દરોડા પાડવામાં આવ્યાના એક દિવસ બાદ સીબીઆઈ દ્વારા હવે પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસના સંબંધમાં ગીતાંજલિ ગ્રુપ ઓફ કંપની સામે બીજી એફઆઈઆર દાખલ કરી હતી. સીબીઆઈના અધિકારીઓના કહેવા મુજબ ૧૩મી ફેબ્રુઆરીના દિવસે બેંક દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધાર પર આ નવલેસરથી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ૧૧૪ અબજ રૂપિયાના ફ્રોડના આક્ષેપ સાથે આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સીબીઆઈએ કહ્યુ છે કે પીએનબીને નુકસાન ૪૮ અબજ રૂપિયા અથવા તો ૪૮૮૬ કરોડનુ નુકસાન થયુ છે. સીબીઆઈ અને ઈડી બન્ને દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે પંજાબ નેશનલ બેંક મહાછેતરપિંડીના કેસમાં મુખ્ય

● અનુસંધાન પાન-૭ પર

# ભારતનો પાક.ને જડબાતોડ જવાબ

**પાક.ના ૨૦ સૈનિકો મોતને હવાલે : ભારતીય સેનાએ ૨૦૧૭માં ૧૩૮ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે, ૨૦૦ આતંકીઓ ઘુસણખોરીના પ્રયત્નમાં**

પૂંચ,તા.૧૬

ભારતીય સેનાએ આ વર્ષે લાઈન ઓફ કંટ્રોલ પર કરવામાં આવેલી ફાયરિંગમાં પાકિસ્તાનના ૨૦ રેન્જર્સને મારવામાં આવ્યા છે. જ્યારે ૭ ઘાયલ થયા છે. તે સિવાય રાજ્યમાં ઉત્તર અને દક્ષીણ પીર પંજાલવાળા વિસ્તારમાં ૧૮૦થી ૨૦૦ આંતકીઓ એલઓસી ક્રોસ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જોકે અહીં હાલ સેનાને એલર્ટ આપી દેવામાં આવ્યું છે. સરકારના સૂત્રો દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ખીણમાં પાકિસ્તાન તરફથી સતત કરવામાં આવતા સીઝફાયર વાયોલેશનના કારણે સેનાને એક્ટિવ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાને ઘણી પોસ્ટ તોડી પાડી છે. ૭૭૮ કિમી લાંબી ન્ઝ પર બાલનોઈ, મેંઢર, કાલલ, કેરન, ડોડા જેવી જગ્યાઓ પર બંને તરફથી અંદાજે ૪-૫ મહિનાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમાં લાઈટ ફિલ્ડ ગન, હેવી ૧૨૦દ્વદ્વ મોર્ટાર અને એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલ્સનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ભારતીય સેના તરફથી સતત કરવામાં આવતી કાર્યવાહીના કારણે પાકિસ્તાનમાં બોર્ડર પર આવેલી પોસ્ટમાટે રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. બીજી બાજુ બોર્ડર વાળા વિસ્તારોમાં ભારતીય કમાન્ડર્સનું પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. સર્જિકલ સ્ટ્રાઈક પછી આ પ્રમાણેની કાર્યવાહી જ ચાલુ રાખવામાં આવી છે.

ભારતીય સેનાએ ૨૦૧૭માં ૧૩૮ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં એલઓસી પર કરવામાં આવેલી કાર્યવાહીમાં ૧૫૫ પાકિસ્તાની રેન્જર્સ ઘાયલ થયા છે. આ દરમિયાન ભારતના ૨૮ જવાન શહીદ થયા છે અને ૭૦ ઘાયલ થયા છે. તાજેતરમાં જ ન્યૂઝ એજન્સીએ સરકારના સૂત્રો દ્વારા આ માહિતી આપી છે.

# રાજેન્દ્ર ત્રિવેદીની વિધાનસભા નવા અધ્યક્ષ પદ માટે પસંદગી

ગાંધીનગર,તા. ૧૬

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે, ત્યારે આજે ભાજપ દ્વારા સત્તાવાર રીતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે વડોદરાની રાવપુરા બેઠકના ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદીના નામની જાહેરાત કરાઈ હતી. જો કે, આ માટે આવતીકાલે રાજેન્દ્ર ત્રિવેદી વિધિવત્ આ અંગેનું ફોર્મ ભરશે. બીજીબાજુ, ભાજપ દ્વારા રાજેન્દ્ર ત્રિવેદીના નામની સત્તાવાર જાહેરાત થતાં જ વડોદરા ખાતે તેમના ઘેર ખુશીનો માહોલ છવાયો હતો. તેમના સમર્થક-ટેકેદારોએ ફટાકડા ફોડીને આ ખુશીના સમાચારની ઉજવણી કરી હતી. તો, ત્રિવેદીએ પણ સ્થાનિક

**રાજેન્દ્ર ત્રિવેદી આજે વિધિવત્ ફોર્મ ભરવા જશે : ચૂંટણી બિનહરીફ થાય તે માટે કોંગીને અનુરોધ**



● અનુસંધાન પાન-૭ પર

# યોગીના રાજમાં હવે અપરાધીઓ માફીના બેનરો લઈને ફરી રહ્યા છે

**પ્રોફેશનલ અપરાધીઓમાં દહેશત ફેલાઇ : એન્કાઉન્ટરના ભયથી હવે અપરાધીઓ ભવિષ્યમાં કોઇ અપરાધ ન કરવાની વાતો કરી રહ્યા છે**



લખનૌ,તા. ૧૬

ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને સુધારી દેવા માટે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા ખુબ આક્રમક વલણ અપનાવ્યા બાદ આન અસર હવે દેખાઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી અનેક એન્કાઉન્ટર કરીને મોટા, અપરાધીઓને મોતને ઘાટ ઉતારી દીધા બાદ હવે તમામ પ્રોફેશનલ અપરાધીઓમાં દહેશત ફેલાઈ ગઈ છે. આ અપરાધીઓ હવે ભયના કારણે પોતાના હાથમાં બોર્ડ લઈને ફરી રહ્યા છે અને વધુ અપરાધ ભવિષ્યમાં ક્યારેય નહી કરવાની વાત કરી રહ્યા છે. અપરાધીઓ ભવિષ્યમાં પરિશ્રમ કરીને પૈસા કમાવવાની વાત કરી રહ્યા છે. માફીની માંગ કરી રહ્યા છે. તેમને હવે એન્કાઉન્ટરનો ભય સતાવી રહ્યો છે. ઉત્તરપ્રદેશના કૈરાના વિસ્તારમાં બે કુખ્યાત અપરાધીઓ જાહેરમાં ફરતા નજરે પડ્યા હતા. તેમની પાસે બોર્ડ પણ હતા. જેમાં માફીની માંગ કરવામાં આવી રહી છે. ભવિષ્યમાં ગુના નહી કરવાની વાત પણ તેમાં લખવામાં આવી છે. સલીમ અલી અને અરશાદ અહેમદ નામના આ બે અપરાધીઓ કેટલીક લુંટ અને હત્યાની ઘટનામાં સામેલ રહ્યા છે. તેમને હાલમાં જ જામીન પર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. બન્ને શખ્સનુ કહેવુ છે કે તેમની સામે શામલી અને કૈરાનામાં કેટલાક કેસ નોંધાયેલા છે. આ બન્ને અપરાધી હવે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રાહકો પાસેથી સિક્કા નહિ સ્વીકારનાર બેંક સામે પગલા

મુંબઈ,તા.૧૬

નોટબંધી બાદથી જ દેશભરમાં સોમાન્ય લોકો સિક્કાની સમસ્યાથી પરેશાન થઈ રહ્યા છે. એમની પાસે રહેલા સિક્કાને બેંક લેવાની ના પાડી રહી છે તો બજીરમાં આ સિક્કાનું પૂર આવ્યું છે. આરબીઆઈના નિર્દેશો હોવા છતાં હજુ પણ ઘણી બેંકો સિક્કા લેવાની ના પાડી રહી છે.

ત્યારબાદ ભારતીય રિઝર્વ બેંકે બેંકોવે ચેતવણી આપી છે કે ગ્રાહકો પાસેથી દરેક પ્રકારના સિક્કાનો સ્વિકાર કરવામાં આવે. આ નિર્દેશનું ઉલ્લંઘન થવા પર એમની વિરુદ્ધ કાર્યવાહી થઈ શકે છે. આરબીઆઈએ કહ્યું કે એમના દ્વારા બેંક શાખાઓમાં કાઉન્ટરો પર ગ્રાહકો પાસેથી દરેક મૂલ્ય વર્ગોના સિક્કા લેવાની સલાહ આપવા છતાં ફરીયાદ આવી રહી છે.

આ ફરીયાદો અનુસાર ગ્રાહકોથી બેંકોમાં સિક્કા સ્વિકાર કરવાની ના પાડવામાં આવી રહી છે. આ કારણ છે કે નાના દુકાનદારો સિક્કા લેવા માટે ના પાડી રહ્યા છે. એનાથી સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

૬૧-થાવર જીલ્લા પંચાયત મતદાર વિભાગમાંથી
જીલ્લા પંચાયતની ચુંટણી-૨૦૧૮
નમ્ર નિવેદન
વ્હાલા મતદાર ભાઈઓ-બહેનો આવો આપણે સૌ ૬૧-થાવર જીલ્લા પંચાયત સીટના ઉમેદવારના જંગી વિજયમાં સહભાગી બનીયે.
ધાનેરા તાલુકામાં ૬૧-થાવર જીલ્લા પંચાયત સીટના ભારતીય જનતા પાર્ટી પક્ષના માન્ય શિક્ષિત અને યુવાન ઉમેદવાર સુરેશભાઈ ભગવાનભાઈ પટેલને જીલ્લા પંચાયતની સીટમાં અને તેમની નીચેના તાલુકા પંચાયત સીટ થાવર, મોટામેડા, જીવાણા, જનાલી, એડાલ, તાલેગઢ, સબાવડી, નાનામેડા. કોટડા, ડેઢા, શેરા, રવિયા, ડુગડોલ મોટી, ડુગડોલ નાની, અનાપુરગઢ, શિયા, માલોત્રા સીટના તાલુકા પંચાયતના ઉમેદવારને આપનો કિંમતી અને પવિત્ર મત કમળના નિશાન ઉપર આપી અપાવી વિજયી બનાવશોજી.

સુરેશભાઈ ભગવાનભાઈ પટેલ
૬૧-થાવર જીલ્લા પંચાયત ઉમેદવારશ્રી
જીતશે વિકાસ, જીતશે થાવર, જીતશે ગુજરાત
આપનો કિંમતી અને પવિત્ર મત ૬૧-થાવર જીલ્લા પંચાયતમા સર્વાંગી વિકાસ માટે ભારતીય જનતા પાર્ટી પક્ષના ઉમેદવાર સુરેશભાઈ ભગવાનભાઈ પટેલના નિશાન કમળ સામેનું વાદળી બટન દબાવી વિજયી બનાવવા નમ્ર વિનંતી.
ગુજરાતીનો એક જ આધાર, હું છું વિકાસ, હું છું ગુજરાત
મતદાન તારીખ:૨૧-૦૨-૨૦૧૮
સમય: સવારે ૮ થી સાંજે ૫ કલાક
મતદાન સ્થળ: પ્રાથમિક શાળા શ્રી